# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ અષાઢી પૂર્ણિમા ❖ 22 જુલાઈ 2013 ❖ વર્ષ – 14 ❖ અંક – 4 ❖ સળંગ અંક - 160

## ધમ્મવાણી

**यो च धम्ममभिञ्ञाय, धम्ममञ्ञाय पण्डितो;**
**रहदोवा निवाते च अनेजो वुपसंमति ।**
**इतिवुत्तक ३.९२**

ધર્મને સાદ્યંત સમજીને પ્રજ્ઞા દ્વારા આસક્તિઓમાંથી મુક્ત થયેલો, કામનાઓથી વિમુક્ત થયેલો જ્ઞાની, પવનમાં પણ નિશ્ચલ એવા શાંત સરોવર જેવો હોય છે.

## ૧. દુઃખ–વિમુક્તિની વિધિ શીખવનારને દુઃખવાદી કેવી રીતે કહેવાય ?

કોઈ એક અનુભવી વૈદ્ય કોઈ રોગીની ચિકિત્સા કરવા આવે છે. એ રોગીને સમજાવે છે કે તમને આ રોગ છે. તમારા રોગનું આ કારણ છે અને મારી પાસે આ ઔષધિ છે. એના સેવનથી રોગનું કારણ દૂર થઈ જશે અને પરિણામે રોગ દૂર થઈ જશે. રોગી એ ઔષધિનું સેવન કરીને નિરોગી બની જાય છે. ત્યારે શું આપણે એ ઉપકારી વૈદ્યને રોગવાદી કહીશું કે નિરોગવાદી ?

બરોબર એ જ પ્રમાણે એક મહાપુરુષ દુખિયારાઓને સમજાવે છે કે તમને આ દુઃખ છે. તમારા દુઃખનું આ ખરું, મૂળ કારણ છે. હું એ દુઃખને નષ્ટ કરવાનો ઉપાય બતાવું છું. એનો અભ્યાસ કરીને તમે દુઃખના કારણને દૂર કરી લેશો અને પરિણામતઃ દુઃખથી મુક્ત થઈ જશો. વિકારોથી વ્યાકુળ દુઃખિયારા લોકો એ ઉપાયનો ઉપયોગ કરીને વસ્તુતઃ દુઃખમુક્ત થાય છે. આવા દુઃખ–વિનાશી મહાપુરુષને આપણા દ્વારા 'દુઃખવાદી' કહેવું શું હાસ્યાસ્પદ ન થયું ?

### આર્ય–સત્યોનું દર્શન પ્રત્યક્ષ ફળદાયી છે.

વિપશ્યના સાધના દ્વારા જેમણે આર્યસત્યોનો સ્વયં સાક્ષાત્કાર કરી લીધો છે, એમના વિષે કહેવાયું છે –

**"..... चतुब्भि वातेहि असम्पकम्पियो....... यो अरियसच्चानि अवेच्च पस्सति ।"**

– જેમણે આર્ય–સત્યોનું અનુભૂતિ–જન્ય દર્શન કરી લીધું, તેઓ (નગર– દ્વાર પર ઊંડે સુધી રોપેલા સ્તંભ સમાન) ચારે તરફથી આવતા તોફાની પવનોથી અકંપિત રહે છે.

અને એમ પણ કહેવામાં આવ્યું –

**ये अरियसच्चानि विभावयन्ति, न ते भवं अट्ठमादियन्ति ।**

જેમણે આર્ય–સત્યોની ભલી પ્રકારે ભાવના (સાધના) કરી લીધી છે, તેઓ (સ્રોતાપન્ન) આઠમો જન્મ ગ્રહણ નથી કરતા.

એટલે કે વધુમાં વધુ સાત જન્મોમાં ભવ–વિમુક્ત અરહંત અવસ્થા પ્રાપ્ત કરી લે છે.

આર્યસત્યોના સાક્ષાત્કારની શિક્ષા કેવળ ભિક્ષુ–ભિક્ષુણીઓ માટે જ નથી.ગૃહસ્થોને **મંગલ ધર્મ** નો ઉપદેશ આપતાં ભગવાન બુદ્ધે કહ્યું –

**तपो च ब्रह्मचरियं च, अरियसच्चान दस्सनं ।**

**निब्बान सच्छिकिरिया च, एतं मङ्गलमुत्तमं ॥**

તપ, બ્રહ્મચર્ય, આર્યસત્યોનું દર્શન અથવા નિર્વાણનો સાક્ષાત્કાર, એ ઉત્તમ મંગલ છે.

આમ આ કલ્યાણી શિક્ષા ગૃહસ્થ અને ગૃહત્યાગી સૌને માટે છે.

### શું મહર્ષિ પાતંજલિ પણ દુઃખવાદી હતા ?

ભગવાન બુદ્ધનાં ચાર–સો વર્ષ બાદ થયેલ સમ્રાટ પુષ્યમિત્ર શુંગના પુરોહિત મહર્ષિ પાતંજલિએ મુખ્યત્વે વિપશ્યનાના આધારે યોગસૂત્ર લખ્યું. તેમાં દુઃખ, સમુદય, નિરોધ અને માર્ગના સ્થાન પર ચાર અન્ય સમાનાર્થી શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો. જેમને હેય, હેતુ, હાન અને ઉપાય કહેવામાં આવ્યા.

આ બુદ્ધનાં ચાર આર્યસત્ય જ છે. કેવળ સમાનાર્થી શબ્દો બદલ્યા છે, દુઃખને 'હેય' કહેવામાં આવ્યું. તો શું આપણે આ કારણે મહર્ષિ પાતંજલિને 'હેયવાદી' કહીશું ? દુઃખવાદી કહીશું ? આમ મહર્ષિ પાતંજલિએ તો **દુઃખમેવ સર્વં વિવેકિનઃ** (યોગસૂત્ર ૨–૧૫) નો પણ ઉદ્‌ઘોષ કર્યો છે. વસ્તુતઃ સક્રિય સાધનાના ક્ષેત્રમાં કોઈ પણ ગંભીર સાધક એ અનુભવ કરે છે કે ભવ–સંસરણનું સંપૂર્ણ ક્ષેત્ર દુઃખદ છે પરંતુ એનાથી છુટકારો પામવાનો માર્ગ પણ છે. એવી દુઃખમુક્તિના માર્ગદાતા ભગવાન બુદ્ધને દુઃખવાદી કહીને લાંછિત કરવા કેટલું ખોટું થયું.

## ૨. મિથ્યાત્વનો પ્રચાર અને પ્રસાર

ભારતમાંથી પાલિ ભાષાની મૂળ બુદ્ધવાણી અને તત્સંબંધિત પ્રયોગાત્મક વિપશ્યના સાધનાના સદંતર લુપ્ત થઈ જવાના કારણે ભગવાન બુદ્ધ પર દુઃખવાદી હોવાનું જે મિથ્યા લાંછન લગાડવામાં આવ્યું તે પ્રચલિત થઈ ગયું અને એ મિથ્યાત્વનું લગભગ દોઢ હજાર વર્ષો સુધી ઉચ્ચારણ થતું રહ્યું. એનાથી અનેક લોકો ભ્રમિત

થયા. નહિ તો, આજના યુગનો બહુજન પૂજિત વિદ્વાન તાંત્રિક ધર્મગુરુ જેના ભારતમાં અને વિશ્વમાં અનેક શ્રદ્ધાળુ શિષ્યો છે, તે બુદ્ધ અને તેમની શિક્ષા વિષે આવું નિરાધાર વક્તવ્ય કેવી રીતે આપી શકતા હોત !

**મનુષ્યનું જીવન હંમેશાં સુખની રંગીન શોભા–યાત્રા નથી અને હંમેશાં દુઃખનો ઝંઝાવાત પણ નથી. બન્નેનો સ્વીકાર કરીને ચાલવું પડશે.**

આ લાંછનનો અર્થ એ છે કે બુદ્ધને આ બન્ને અવસ્થાઓનું જરાપણ જ્ઞાન ન હતું. અને એ પણ લાંછન કે એમની શિક્ષા અનુસાર –

**મનુષ્યના જીવનમાં આરંભથી અંત સુધી – આરંભમાં, મધ્યમાં અને અંતમાં કેવળ દુઃખ છે.**

મૂળ બુદ્ધવાણીના અધ્યયનથી સ્પષ્ટ થઈ જાય છે કે આ બન્ને આરોપ કેટલા પાયા વગરના છે. બુદ્ધે એકથી અધિક વાર કહ્યું છે કે જીવનમાં સુખ અને દુઃખ બન્ને જ આવતાં–જતાં રહે છે. એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું –

**दुक्खस्सन्तरं सुखं** – દુઃખ પછી સુખ આવે છે.

**सुखस्सन्तरं दुःखं** – સુખ પછી દુઃખ આવે છે.

આ રીતે સુખ અને દુઃખ આગળ પાછળ એક–બીજા સાથે જોડાયેલાં રહે છે. સુખ–દુઃખ, દુઃખ–સુખની આ ભવશૃંખલા કોણ જાણે ક્યારથી ચાલતી આવી રહી છે. દુઃખ પછી સુખનું આવવું પ્રિય અવશ્ય લાગે છે, પરંતુ સ્થાયી નથી હોતું. જ્યારે તે વહેલું મોડું દુઃખમાં બદલાય છે ત્યારે તેની પીડા અનિત્ય–ધર્મી સુખના આગમનના હર્ષની તુલનામાં કંઈક ઘણું અધિક પ્રભાવી હોય છે. એ જ કારણે આ દુઃખદ ભવ–સંસરણનાં મૂળ કારણ અને એને નિરંતર ચલાયમાન રાખવા માટે ઊર્જા પ્રદાન કરનારા બધા જ તૃષ્ણા–જન્ય કર્મ–સંસ્કારોને ભગવાન બુદ્ધે **सब्बेसङ्खारा दुक्खा** કહ્યું તો શું અનુચિત કર્યું ?

જન્મ–મરણના ભવ–સંસરણને ભારતની બધી આધ્યાત્મ પરંપરાઓ દુઃખદ માને છે. જ્યારે ભવ–સંસરણ દુઃખદ છે તો તેના કારણને કોઈ દુઃખદ ન કહે તો બીજું શું કહે ? જ્યાં બુદ્ધે પુનર્જન્મ આપવાવાળા બધા તૃષ્ણા–જન્ય કર્મ–સંસ્કારોને દુઃખદ કહ્યા, ત્યાં બુદ્ધની સમસ્ત શિક્ષાને "સર્વં દુખમ્ સર્વં દુઃખમ્"નું લેબલ લગાડી લાંછિત કરી નાંખવું કેવી રીતે ન્યાય સંગત માની શકાય ? અને એ પણ એવી હાલતમાં કે જ્યારે બુદ્ધની સંપૂર્ણ શિક્ષાનું અંતિમ લક્ષ્ય તો એ જ છે કે ભવ–સંસરણનાં દુઃખોમાંથી મુક્ત થઈને અવિનાશી પરમ સુખ અમૃતનો સાક્ષાત્કાર કરવો. આ લક્ષ્ય બધી ધાર્મિક પરંપરાઓનું છે, જો કે બુદ્ધ એ અવસ્થા સુધી પહોંચી શકવા માટે વિપશ્યના વિદ્યા શીખવે છે, જ્યાં પહોંચીને –

**विसङ्खारगतं चित्तं** – ચિત્ત બધા જ પૂર્વ–સંચિત ભવ–જનક કર્મ– સંસ્કારોથી વિમુક્ત થઈ જાય છે અને સાધક **तण्हानंखयमज्झगा** ની અવસ્થા પ્રાપ્ત કરી લે છે જ્યાં તૃષ્ણાનો પૂર્ણપણે ક્ષય થઈ જાય છે. એટલે કે પુનર્જન્મ માટેના નવા કર્મસંસ્કારો બનતા બંધ પડી જાય છે. **खीणं पुराणं नवं नत्थि सम्भवं** બધાં પુરાણા ભવ દેનારા સંસ્કાર નષ્ટ થઈ જાય છે અને નવા બનવા પામતા નથી. પરિણામતઃ સાધક ભવ–સંસરણથી સંપૂર્ણપણે વિમુક્ત થઈ જાય છે.

જીવનમાં સતત બદલાતાં રહેતાં સુખ અને દુઃખ બન્નેને લઈને ચલાયમાન ભવ–સંસરણ અને તેના મૂળભૂત કારણને દુઃખજનક બતાવીને તેનાથી છુટકારો અપાવનારી અને અવિનાશી પરમ–સુખ સુધી પહોંચાડનારી વિપશ્યના વિદ્યા અને તેના શિક્ષક મહાકારુણિક વિશ્વવંદ્ય ભગવાન બુદ્ધને દુઃખવાદી કહીને નિંદિત કરવામાં આવે એ કેટલું તથ્ય–વિરુદ્ધ છે એ એમની સમસ્ત મૂળ વાણી અને પ્રયોગાત્મક વિપશ્યના વિદ્યાના સ્વદેશ પુનરાગમનથી અત્યંત સ્પષ્ટ થઈ ગયું છે. હવે આ મિથ્યાત્વનું રટણ ન કરવામાં જ આપણું કલ્યાણ છે.

**"શું બુદ્ધ દુઃખવાદિ હતાં ?"**
**તે બુક નો આભાર...**

## દિવ્ય શાન્તિ, પ્રેમ અને કરૂણાનો અનુભવ

**- ડો. સ્વાતિ પી. કોઠારી**
**એમ.એસ. (ઓપ્થેલ), ડી.ઓ.**
**સુરત.**

વિપશ્યના સાધના સંપૂર્ણપણે વૈજ્ઞાનિક, બિનસાંપ્રદાયિક અને સાર્વજનિક ધ્યાન પદ્ધતિ છે, જે ત્વરિત ઉત્તમ પરિણામ આપે છે.

મે, ૨૦૦૯ માં ૧૦ દિવસીય વિપશ્યના સાધના શિબિર કર્યા બાદ મને અલૌકિક અનુભૂતિ થઈ. મન એક પંખીની માફક તમામ દુન્યવી ચિંતાઓ, વ્યાકુળતાઓથી મુક્તિ અનુભવવા લાગ્યું. **મારો અહમ્ ઓગળવા લાગ્યો અને મન સંપૂર્ણ શાંતિ, નિર્મળતા અને સ્વસ્થતા અનુભવવા લાગ્યું. કદાચ વર્ષોથી આવા જ કોઈ માર્ગની શોધ હતી, જે પૂર્ણ થઈ.**

વિપશ્યના ધ્યાન પદ્ધતિ મનનાં છેક ઊંડાણ સુધી પહોંચાડે છે અને તે માટે કોઈ પણ પ્રકારના શબ્દ, રૂપ કે ઈષ્ટદેવનો સહારો લેવામાં આવતો નથી. ક્રિયા દરમિયાન મનમાં તટસ્થતા–સમતાભાવ પુષ્ટ થાય છે અને મનનો પ્રતિક્રિયા કરવાનો સ્વભાવ બદલાતો જાય છે. ભોક્તાભાવની જગ્યાએ દ્દષ્ટાભાવ જન્મે છે, આમ આપણે મનને, તેની સ્ફૂરણાઓને બુદ્ધિના સ્તર પર નહીં, પરંતુ અનુભવના સ્તર પર જાણતાં થઈએ છીએ.

**સાધના કર્યા બાદ મારી અંદર હકારાત્મક ઊર્જાનો અનુભવ થયો જેને કારણે મન પૂર્ણ આત્મસંતોષથી તૃપ્ત થયું. મનમાંથી દિવ્ય શાંતિ, પ્રેમ અને કરુણાનું ઝરણું સ્ફૂરવા લાગ્યું.**

તમામ પ્રકારના રાગ–દ્વેષથી મુક્ત થઈ, લાગણીઓના અતિરેક પર કાબુ મેળવી, જીવનના કપરા સંજોગોમાં હકારાત્મકતાથી, સંયમિતતાથી સહનશીલતાથી સ્થિતપ્રજ્ઞતા કેળવવાનું વિપશ્યના સાધનાથી જ શક્ય બને છે.

**રૂઢિગત માન્યતા અનુસાર ધ્યાન સાધના ફક્ત શારીરિક અને માનસિક રીતે ત્રસ્ત લોકો માટે જ સહાયરૂપ છે, વાસ્તવમાં આ સંદર્ભે એક ડોક્ટર તરીકે હું ચોક્કસ કહીશ કે વિપશ્યના સાધના શારીરિક અને માનસિક રીતે સક્ષમ લોકોને પણ અદ્‌ભુત માનસિક શાંતિ અને અલૌકિક શક્તિ આપે છે, જે મનુષ્યના આંતરિક, સ્થાયી પરિવર્તનનો શ્રેષ્ઠ માર્ગ છે** અને જેનો સ્વાનુભવ કરીને આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે પ્રયાણ કરી શકાય છે.

કુલ કેટલી શિબિર કરી ? : ____________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ____________________

આપ કયા પ્રકારની સેવા આપવા ઇચ્છો છો? ____________________

____________________

કોઈ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? __________

____________________

તારીખ : ____________ સહી : ____________

**ધમ્મકોટ કેન્દ્ર તથા સીટી ઓફિસના ફોન નંબર**

**ધમ્મકોટ કેન્દ્ર :**

૦૨૮૧ - ૨૯૨૪૯૨૪, ૨૯૨૪૯૪૨
મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦
૭૮૭૮ ૭૨૭૨ ૪૦

**સીટી ઓફિસ :**

૦૨૮૧ - ૨૨૩૩૬૬૬
મો.: ૭૮૭૮ ૭૨૭૨ ૨૩
૯૪૨૭૨ ૨૧૫૯૧, ૯૪૨૬૨ ૦૨૨૨૨

## સ્નેહ મિલન, ધ્યાન અને ધર્મચર્ચા

રાજકોટ શહેરના સાધકો માટે દર મહિનાના ત્રીજા રવિવારે સ્નેહ મીલન, ધ્યાન અને ધર્મચર્ચા

**: સ્થળ :**
માસૂમ સ્કૂલ, એસ.એન.કે. પાછળ, યુનિ. રોડ, રાજકોટ.

**: સમય :**
સવારે ૮ થી ૧૦

## મોબાઈલ ડેટાબેન્ક

વિપશ્યી સાધકોની મોબાઈલ ફોન નં. ની ડેટાબેન્ક તૈયાર કરવાની છે, આથી આપના તેમજ પરિચિત અન્ય સાધકોના નામ, ગામ, મોબાઈલ નંબરનો મેસેજ નીચેના મોબાઈલ પર મોકલી આપશો.

**સંપર્ક : ૯૪૨૭૪ ૩૫૫૬૦**

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. | ''ધમ્મ અંબિકા'' | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2233666 78787 27240 (0281) 2924942 93279 23540 રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦ dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૯૪૨૮૧ ૬૦૭૧૪ ૯૮૨૫૦ ૪૪૫૩૬ ૦૨૬૩૪-૨૯૧૧૦૦ ૦૨૬૩૪-૨૯૨૫૨૧ | ૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦. (0265) 2341181 (M) 94263 32180 E-mail : vvs04@ hotmail.com |

**૧૦ દિવસીય શિબિરની માહિતી**

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર | ધમ્મ અંબિકા | ધમ્મ ભવન |
|---|---|---|---|---|---|
| 29-07 to 09-08-13 | 17-08 to 28-08-13 | 31-07-13 to 11-08-13 | 31-07-13 to 11-08-13 | 03-08-13 to 14-08-13 | 08-09-13 to 19-09-13 |
| 22-08 to 02-09-13 | 02-09 to 13-09-13 | 14-08-13 to 25-08-13 | 14-08-13 to 25-08-13 | 30-08-13 to 10-09-13 | 16-10-13 to 27-10-13 |
| 04-09 to 15-09-13 | 15-09 to 26-09-13 | 04-09-13 to 15-09-13 | 18-09-15 to 29-09-13 | 02-10-13 to 13-10-13 | 10-11-13 to 21-11-13 |
| 18-10 to 29-10-13 | 13-10 to 24-10-13 | 18-09-13 to 29-09-13 | 16-10-13 to 27-10-13 | 16-10-13 to 27-10-13 | 11-12-13 to 22-12-13 |
| 01-11 to 12-11-13 | 27-10 to 07-11-13 | 16-10-13 to 27-10-13 | 06-11-13 to 17-11-13 | 01-11-13 to 12-11-13 | |
| 13-11 to 24-11-13 | | 01-11-13 to 12-11-13 | 20-11-13 to 01-12-13 | 20-11-13 to 01-12-13 | |
| 27-11 to 08-12-13 | | 20-11-13 to 01-12-13 | 04-12-13 to 15-12-13 | 11-12-13 to 22-12-13 | |
| | | 04-12-13 to 15-12-13 | 01-01-14 to 12-01-14 | | |

**એક દિવસીય શિબિર જૂના સાધકો માટે**

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે ૮ થી ૩ | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

ધમ્મ અંબિકા — રજિસ્ટ્રેશન 0261-3260961 (૧૧થી ૫ દરમિયાન)
:: સરનામું :: નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી

**: ધર્મજ :**
(૦૨૬૯૭) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨
મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫
હેમંતભાઈ પટેલ

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| | સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ''ધમ્મ અંબિકા'' | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|---|
| સતિપટ્ઠાન શિબિરો | 16-09-13 to 24-09-13<br>24-01-14 to 01-02-14 | 07-08-13 to 15-08-13 \| 27-10-13 to 04-11-13<br>13-04-14 to 21-04-14 \| 08-06-14 to 16-06-14 | 20-09-13 To 28-09-13 | 22-08-13 to 30-08-13 |
| ૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો | 22-08-13 to 02-09-13 | 02-09-13 to 13-09-13 | | |
| દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર | (૨૦ દિવસીય) 25-09-13 to 16-10-13<br>(૩૦ દિવસીય) 16-09-13 to 17-10-13 | (૨૦ દિવસ) 06-08-13 to 27-08-13 \| 28-06-14 to 19-07-14<br>(૩૦ દિવસ) 26-11-13 to 27-12-13<br>(૩ દિવસ) 28-08-13 to 31-08-13 \| 26-09-13 to 29-09-13<br>(૪૫ દિવસ) 26-11-13 to 11-01-14<br>(TSC) 09-11-13 to 24-11-13 | (૨ દિવસ) 06-12-13 to 08-12-13<br>(૩ દિવસ) 22-08-13 to 25-08-13<br>13-09-13 to 16-09-13<br>(૩ દિવસ આનાપાન શિબિર છોકરીઓ માટે) 12-11-13 to 14-11-13<br>(૩ દિવસ આનાપાન શિબિર છોકરીઓ માટે) 15-11-13 to 17-11-13 | (૩ દિવસ) 19-09-13 to 22-09-13<br>21-11-13 to 24-11-13 |

## ધમ્મસેવા કાર્યશાળા તા. ૧૦ ઓગષ્ટ, શનિવાર, સવારે ૧૦ થી ૫ - ધમ્મકોટ પર.

ધર્મના માર્ગ પર પ્રગતિ કરવા માટે ધમ્મસેવા અત્યંત અનિવાર્ય છે જે કાર્ય થકી અન્ય લોકોને ધર્મમાર્ગ પર ચાલવામાં સહાયતા કરીએ તે ધર્મસેવા છે.

સમય અને શક્તિ અનુસાર સ્વયંને ધર્મસેવામાં લગાવીએ. સાધના ખૂબજ બળવાન બનતી જશે. મનમાં ખૂબજ પ્રસન્નતા જાગશે, મોદ જાગશે. ધર્મસેવા થકી વાસ્તવમાં તો સ્વયંની જ સેવા કરીએ છીએ અને તેના પરિણામ સ્વરૂપ અન્ય લોકો લાભાન્વિત થાય છે.

ધર્મસેવા/જુના સાધકોના સેમીનારમાં આવવા ઇચ્છતા સાધક ભાઈ/બહેનો ઉપરનું આવેદન પત્ર વહેલું મોકલી આપે જેથી સમય સર સંમતીપત્ર મોકલી શકાય.

ધમ્મસેવકોની કાર્યશાળા તથા
જૂના સાધકોનો સેમિનાર
તા. ૧૦ ઓગસ્ટ ૨૦૧૩ સવારે ૧૦ વાગ્યાથી
તા. ૧૧ ઓગસ્ટ ૨૦૧૩ સાંજે ૪ વાગ્યા
સુધી રહેશે. શકયતઃ તા. ૯ ઓગસ્ટ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો.
અન્યથા, મોડામાં મોડું તા. ૧૦ ઓગસ્ટ
સવારે ૯ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું મોકલી આપવા
વિનંતી. જેથી આપને સંમતીપત્ર મોકલી શકાય.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ૧૦-૮-૧૩ થી તા. : ૧૧-૮-૧૩ સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ____________________

ઉંમર : __________ પુરુષ/સ્ત્રી : __________ શિક્ષણ : __________

સરનામું : ____________________

____________________

____________________

ફોન : __________ મોબાઇલ : __________ ઈ-મેઇલ : __________

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : ____________________

હોદ્દો : __________ નોકરી/ધંધાની વિગત : ____________________

## ધમ્મ સેવકો,સાધકોની કાર્યશાળા/સંમલેન, ૨૦૧૩

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતાં જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના સંકલ્પ 'બહુજન હિતાય બહુજન સુખાય' ની પૂર્તિ અર્થે ધર્મ પ્રસારના મિશનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક સાધક ભાઈ-બહેનોના સક્રિય સહયોગના પરિણામસ્વરૂપ સૌરાષ્ટ્રના સ્થાનોથી ધમ્મકોટ કેન્દ્ર પર સ્પેશ્યલ વાહન કરી સાધકો આવે છે. તેમ જ અનેક ગામો/શહેરોથી વિપશ્યના પરિચય કાર્યક્રમ, જે રવિવાર ના ૩ કલાકનો હોય છે, તેમાં ૨૫૦ થી ૩૦૦ નવા સાધકોને કેન્દ્ર બતાવવા વિપશ્યના સાધનાની જાણકારી મેળવવા જૂના સાધકો લઈને આવે છે. જે ખૂબ જ પ્રેરણાદાયી રહે છે. અનેક લોકોને ધર્મના પથ પર કદમ માંડવાનો કે આગળ વધવાનો અવસર પ્રદાન કરે છે. सब्ब दानं जीनाती. धम्म दानं जीनाती. ધર્મદાનનું આવું કલ્યાણકારી કામ અનેક સાધકોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક થઇ રહયું છે. આવી ઉત્તમ સેવા દ્વારા આપણને એક તરફ ધર્મપથ પર આગળ ધપવા માટે જરૂરી એવી પારમિતાઓનું સંવર્ધન કરવાનો અવસર મળે છે તો બીજી તરફ પૂ. ગુરુજીના ધર્મપ્રસારના અભિયાનમાં સહાયક બની પોતાની કૃતજ્ઞતા વ્યકત કરવાનો મોકો મળે છે. આમ પોતાના હિતની સાથે અનેકોના હિતસુખમાં સહભાગી બનીએ છીએ.

ધર્મપ્રસારના આ મંગલકારી મિશનમાં સક્રિય એવા આપણે સહુ સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન મનન કરી શકીએ, એ અર્થે જૂના સાધકો માટે ધમ્મકોટ પર બે-દિવસીય કાર્યશાળા/સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળા/સંમેલન તા. ૧૦-૮-૨૦૧૨, શનિવારે સવારે ૧૦ વાગ્યાથી તા. ૧૧-૮-૨૦૧૨, રવિવારે સાંજે ૪ વાગ્યા સુધી યોજેલ છે.

બહારગામના સાધકોને તા. ૯-૮-૨૦૧૩ના રાત્રિ સુધીમાં કેન્દ્ર ઉપર પહોંચવા વિનંતી. તા. ૯-૮-૨૦૧૩ સાંજે સાત વાગે તેમજ તા. ૧૦-૮-૨૦૧૩ સવારે ૮ વાગે ધમ્મકોટ જવા માટે સિટિ ઓફિસથી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. આ સંમેલનને સાર્થક બનાવવા આપના મહત્તમ સૂચનો, વિચારો, અનુભવો, પ્રશ્નો લખી મોકલવા વિનંતિ.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉતરોત્તર પ્રગતિ કરતા રહીએ એ જ મંગલ કામના...

### દોહા ધરમના

શુદ્ધ ધર્મ ધારણ કરેં, કરેં દૂર અભિમાન ।
મિલે અમિત સંતેષસુખ, ધર્મ સુખોં કી ખાન ॥

ધર્મ ધાર સુખિયા રહે, તનમન પુલકિત હોય ।
ધર્મત્યાગ દુખિયા રહે, તનમન વિકલિત હોય ॥

ધર્મ જગે તો સુખ જગે, દુઃખ ઉખડતા જાય ।
તૃષ્ણાકી તડપન મિટે, તૃપ્તિ સુધા રસ પાય ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

### દોહા ધરમના

ધર્મ જગે તો સુખ જગે, મુક્તિ દુઃખોંસે હોય ।
કર્મોકિ બન્ધન કટેં, ગ્રન્થિ વિમોચન હોય ॥

દુખિયારો સે જગ ભરા, સુખિયા દિખે ન કોય ।
ધર્મ જગે તો સુખ જગે, દુખિયા રહે ન કોય ॥

દુઃખકા કારણ દૂર કરે, પાયી સુખકી ખાન ।
દુઃખ નિવારણ કર લિયા, પુલકિત તન મન પ્રાણ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 22 જુલાઈ 2013** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2012-14
(Renewed upto 31.12.2014)

Weighs less than 10 gms
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666
મોબાઈલ : 7878 7272 23
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org